# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established Under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


Ref. : જીટીયુ/એસ્ટેટ/પરીપત્ર/ ૩૨૭/૨૦૧૪/ Date : 05/05/2014

## પરિપત્ર :

વિષય : ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, વહીવટી મકાન ચાંદખેડા, અમદાવાદના મકાન તેમજ કેમ્પસમાં ધ્રુમપાન નહી કરવા બાબત.

નીચે સહી કરનારના ધ્યાને આવેલ છે કે, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, વહીવટી મકાન તેમજ કેમ્પસમાં પાન મસાલા ખાઈ જયાં ત્યાં પાન મસાલાની પીચકારી મારી ગંદકી કરવામાં આવી રહી છે. ટોઈલેટ, પાણીના કાઉન્ટર, ઈલેક્ટ્રીક રૂમ, રૂમના ખુણા, ઓપન કોર્ટીયાર્ડ, સેલર વિગેરેમાં ગંદકી કરવામાં આવી રહી છે. આ અગાઉ પણ આ પ્રમાણે ન કરવા સૂચના આપેલ છે. યુનિવર્સિટીએ શૈક્ષણિક સંસ્થા છે તેથી ધ્રુમપાન કરવું તે ગુનો છે. આ પ્રકારની પ્રવૃત્તિ હવે પછી કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહી અને તે માટે નીચે પ્રમાણે અમલ કરવા સૌને સૂચના આપવામાં આવે છે.

(૧) કોઈ પણ પ્રકારનું ધ્રુમપાન કેમ્પસ / મકાન વિસ્તારમાં કરવું નહી.

(૨) પાન મસાલા, બિડી, સિગરેટ, માચીસ મકાનમાં દાખલ થતાં સિક્યોરીટીને સુપ્રત કરી દેવા.

(૩) સિક્યોરીટીને યોગ્ય લાગે તેવા ઈસમોની ચકાસણી કરી ઉપર બે મુજબના વ્યસન વાળી વસ્તુ હોય તો કબ્જે કરી લેવી.

(૪) ધ્રુમપાન કરતાં / કે તે માટેની કોઈ ચીજ સાથે, કોઈ પણ વ્યક્તિ / કર્મચારી જણાશે તો રૂા. ૧૦૦/- નો દંડ તેની પાસેથી વસુલ લેવામાં આવશે.

(૫) જે તે શાખાના વડાએ તેમની હાથ નીચે કામ કરતાં કર્મચારી કેમ્પસ / મકાનમાં ધ્રુમપાન ન કરે કે તેવી ચીજો સાથે ન રાખે તે જોવાનું રહેશે અને દંડ કરવાની ભલામણ તેઓશ્રીએ કરવાની રહેશે.

(૬) સિક્યોરીટી સ્ટાફ તેમજ સફાઈ કોન્ટ્રાક્ટરના સ્ટાફે પણ ધ્યાન રાખવાનું રહેશ કે આ પ્રકારની ગંદકી કોઈ કરે નહી. ગંદકી કરનાર ધ્યાને આવે એટલે તુર્તજ તેની વિગત / નામ એસ્ટેટમાં આપવાની રહેશે.

(પાછળ .....)

**GUJARAT TECHNOLOGICAL UNIVERSITY**
(Established Under Gujarat Act No.: 20 of 2007)
**ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી**
(ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)
ESTD - 2007

(૭) આ પ્રકારની ગંદકી સફાઈ કામદારોએ તાત્કાલીક દૂર કરી દેવાની રહેશે.

ઈ/ચા રજીસ્ટ્રાર

નકલ રવાના :

(૧) પી.એ. ટુ. વાઈસ ચાન્સેલરશ્રી, જી.ટી.યુ. તરફ જાણ સારૂ.
(૨) પી.એ. ટુ. રજીસ્ટ્રાર, જી.ટી.યુ. તરફ જાણ સારૂ.
(૩) તમામ ઓ.એસ.ડી. અને શાખા અધિકારી તરફ જાણ સારૂ.
(૪) રાજપૂત સિક્યોરીટીના સુપરવાઈઝર શ્રી પઠાણ તેમજ કાપડીયાભાઈ તરફ જાણ સારૂ.
(૫) અનુશ્રી આઉટ સોર્સીંગના સુપરવાઈઝર [redacted] તરફ જાણ સારૂ.

| | | |
|---|---|---|
| ૧ ........ | ૧૧ ........ | ૨૧ ........ |
| ૨ ........ | ૧૨ ........ | ૨૨ ........ |
| ૩ ........ | ૧૩ ........ | ૨૩ ........ |
| ૪ ........ | ૧૪ ........ | ૨૪ ........ |
| ૫ ........ | ૧૫ ........ | ૨૫ ........ |
| ૬ ........ | ૧૬ ........ | ૨૬ ........ |
| ૭ ........ | ૧૭ ........ | ૨૭ ........ |
| ૮ ........ | ૧૮ ........ | ૨૮ ........ |
| ૯ ........ | ૧૯ ........ | ૨૯ ........ |
| ૧૦ ........ | ૨૦ ........ | 30 ........ |